નમસ્કાર ગાંધીનગર

પમરાટ

સૌંદર્યો પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે,
પછી દર્પણ માં જોઈ ના કદી સજવું પડે !
વૃક્ષ સજે શણગાર સ્વયંના ફળ,ફૂલ, વળી પાન વડે;
એમ સજીએ આપણેય કૈ અંતરના ઈમાન વડે!
અવર રંગ મેલી મૂળ રંગથી ઉભરવું પડે,
તજી છાપ તિલક,રૂપ સ્વયંનું ઘરવું પડે.
પંખીઓ પણ કરે સાંજ ભીતરથી સ્ફુરતા ગાન વડે;
એમ વચન બોલીએ કે શબદ,
શબદ ગુંજે પ્રાણ વડે દિશાઓ દશ લે રંગ-સભર નીખરવુ પડે !
આભ જેમ નીતરી મન દ્રશ્યમાન કરવું પડે !

- સુધીર પટેલ

પાથેય

અંતરના ઈમાનની વાતો...

- રમેશ ઠક્કર

બહુ જાણીતું ઉદાહરણ છે કોઈ સંત પાસે એક માણસ જાય છે.પોતે ગોળ ખાય કે નહીં એની સલાહ માંગે છે.સંત એને બે-ચાર દિવસ પછી આવવાનું કહે છે.પેલો માણસ અમુક દિવસ પછી પાછો આવે છે અને પ્રશ્ન કરે છે કે ગોળ ખવાય કે નહીં ? ત્યારે સંત કહે છે કે "ના ખવાય"! પ્રશ્ન પૂછનારને આશ્ચર્ય થાય છે.આવું તો એ પહેલાં પણ કહી શક્યા હોત.એમાં મુદત પાડવાનું કારણ શું ? કુતૂહલવશ એ આ બાબતે સંતને પૂછે છે.ત્યારે એ કહે છે કે ભાઈ તે મને જ્યારે પૂછ્યું ત્યારે હું પોતે ગોળ ખાતો હતો.એટલે હું તને એવું કઈ રીતે કહી શકું કે ગોળ ના ખવાય ? તારા ગયા પછી મેં ગોળ ખાવાનું બંધ કર્યું.અને ત્યારબાદ જ તને સલાહ આપું છું કે ગોળ ના ખવાય. આ તો એક સામાન્ય ઉપદેશકથા છે.કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે પોતે જો કોઈ બાબતે મક્કમ રહી આચરણ કરીએ તો જ બીજાને ઉપદેશ આપી શકાય.બીજા અર્થમાં એમ પણ કહી શકાય કે સુંદરતાને પામવી હોય તો સ્વયં સુંદરતાની અનુભૂતિ કરવી પડે ! કાલે

કવિ એક જ પંક્તિમાં આ વાતનું આખી વાતનો સાર મૂકી આપે છે."સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે ! આપણા આજના કવિ એમાં પાદપૂર્તિ કરે છે અને કહે છે કે જો આપણે આવું કરીએ તો કદી પણ દર્પણમાં જોઈને સજવું ના પડે !બાહ્ય મેકઅપ ત્યારે ગૌણ બની જાય જ્યારે આપણે ભીતરના સૌંદર્યને પ્રગટ કરી શકીએ.આ એક નાનકડી વાત છે પણ એનો મર્મ ખૂબ ઊંડો છે.

પ્રકૃતિનાં બધાં જ અંગો પોતાના આંતરિક સૌંદર્યને બરાબર ઉજાગર કરે છે.એ સ્વયંભૂ સુંદરતા ધારણ કરે છે.એમને આ માટે બહારની દુનિયામાં ફાંફાં મારવાં પડતાં નથી.વૃક્ષ આ માટેનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.એ પોતે જ પોતાના શણગાર સજે છે.દરેક ઋતુમાં એની અલગ અદા હોય છે.એક જ દિવસમાં પણ કેટલું વૈવિધ્ય, એ પોતાના બાહ્ય દેખાવ થકી પ્રગટ કરે છે. સવારે જોયેલું ઝાડ બપોરના સમયે ગરમી કે પવનની સામે જે ટક્કર લેતું હોય એ? અલગ? અંદાજ છે.ઢળતી સાંજે એનો મિજાજ પ્રગટ થતી અલગ? જ હોય છે.એ હારેલા યોદ્ધા જેવું નથી લાગતું, પણ કોઈ વિજેતાની જેમ અડીખમ ઉભેલું દેખાય છે. પોતાનાં લચી પડતાં ફળને એ સ્વયં પ્રગટ કરે છે.એની ઉપર લચી પડતાં ફૂલ કે પાન એ એની અભિવ્યક્તિની જ જુદી જુદી છટાઓ છે.આ બધું કરવા માટે એને કોઈ બાહ્ય ઉપકરણોની જરૂર પડતી નથી.આપણે જો આ જ વસ્તુ શીખી જઈએ. ઈમાન વડે ભીતરી સૌંદર્યને પ્રગટાવીએ તો ખુદ આપણે સૌંદર્યનો? પર્યાય બની જતા હોઈએ છીએ.એ માટે જરૂરી છે,જીવવા માટેની ખુમારી..ભીતર સુધી જવાની તાલાવેલી.

મોટાભાગે માણસો પોતાની માન્યતાઓ કે પોતાની દુનિયામાં જ મસ્ત રહેતા હોય છે.આમાં કશું ખોટું પણ નથી.પરંતુ આપણે એ ભૂલી જતા હોઈએ છીએ કે જગત કોઈ એક વ્યક્તિ કે એક ઘટનાથી ચાલતું નથી. અહીં પોતાના રંગ મેલી પોતાનો મૂળ રંગ એટલે કે પોતે પણ પ્રકૃતિના એક ભાગ છે એ રીતે વિચારવું પડે છે.અએ જ રીતે ઉભરવું પડે છે.બાહ્ય ઉપકરણોને ત્યજી ભીતરના રૂપને બહાર લાવી જગત સામે ધરવું પડે છે.એ રીતે આપણી અંદરના ઉજાસને એક ઉઘાડ આપવાનું કામ કરવું પડે છે.

આસપાસ છવાયેલા ખુલ્લા આકાશમાં વહેલી સવારની લહેરખીઓ વચ્ચે કે ઢળતી સાંજે સૂરજનાં કોમળ કિરણો જ્યારે સમેટાઈ જતા હોય ત્યારે,પોતાના ઘર તરફ ચાલી જતાં પક્ષીઓની હાર જોઈએ તો સૌંદર્ય શું છે એની અનુભૂતિ આપોઆપ થાય છે.પંખીઓ રોજે રોજ પોતાના ભીતરના પૂરતા જ્ઞાન જ્ઞાન વડે હંમેશા ખુશમિજાજ રહેતાં હોય છે.આપણે પણ જો ધારીએ તો એ જ રીતે આપણાં વચન વાણી કે શબ્દને ગુંથીને એમાં સત્યના પ્રાણ વડે એને સજાવીને ભીતરનું સૌંદર્ય પ્રગટાવી શકીએ છીએ.પક્ષીઓ જે રીતે દશે દિશાઓ લઈ રંગ સફર બનીને નીકળે છે.અનેએક નવું દ્રશ્યમાન આપે છે,એ જ રીતે માણસ પણ જો ઈચ્છે તો સૌંદર્ય રચી શકે છે. આવું જો એ કરી શકે તો એને શુષ્ક અરીસાની સામે બેસી પોતાની જ જાતને સામે ધરી સજવા માટેના વ્યર્થ પ્રયત્ન ના કરવા પડે..

સાયુકલા સમાજસેવક અને પ્રતિબદ્ધ પ્રજાપુરુષ છનાલાલ જોશી

પહેલું કિરણ
રમેશ તન્ના

મૂળ કાંસાના, અમદાવાદને કર્મભૂમિ બનાવનારા છનાલાલ જોશી એક સાયુકલા સમાજસેવક હતા.

તેમનાં માતાનું નામ જીવકોરબહેન અને પિતાનું નામ મોહનલાલ હતું.

'સદ્?વિચારો એ જીવનનું ભાથું છે, હું જે વિચારું છું તે જ અનુસરું તેમાં જ મારું જીવન ઘડતર થયું છે.' આવું કહેનારા છનાલાલ જોશીનો જન્મ ઉત્તર ગુજરાતના વિસનગરની બાજુમાં આવેલા કાંસા ગામમાં ૧૮મી મે, ૧૯૩૫ના રોજ થયો હતો. એ દિવસે બુદ્ધપૂર્ણિમા હતી.

તેમને ત્રણ ભાઈઓ અને ચાર બહેનો. છનાભાઈ સૌથી છેલ્લા હતા.

છનાલાલ જોશીનો જન્મ થયો તેનાં માંડ બે વર્ષ થયાં હશે ને તેમના પિતાજીનું મૃત્યુ થયું હતું. માતાએ બાળકોને ખૂબ મહેનત કરીને ઉછેર્યાં. તેઓ ભેંસ રાખતાં, ખેતરેથી માથે ઘાસચારો ઊંચકીને લાવતાં. પતિનું અણધાર્યું અવસાન થયા પછી પણ તેમણે સાત બાળકોને મોટાં કર્યાં અને ભણાવીને સ્થાયી પણ કર્યાં. તેઓ ખૂબ સ્વમાની હતાં. પતિના નિધન પછી તેમના ભાઈ દેવશંકરભાઈએ તેમના ઘરે આવીને કહ્યું કે, "ચાલો પિયર. બધાં બાળકોને લઈને અમારી સાથે આવો." જીવકોરબહેને સ્પષ્ટ ના પાડતાં કહ્યું હતું કે, "હવે મારાથી પિયર ના અવાય. મારાં બાળકોને કોઈ બાપડાં – બિચારાં કહે તે હું ન ચલાવી લઉં. હું અહીં સાસરે રહીને જ સંતાનોને ભણાવી ગણાવીને મોટાં કરીશ." કેવી ઉમદા ભાવના કહેવાય! કેવી હિંમત કહેવાય! કોણ કહે છે કે સ્ત્રી અબળા છે?

● ● ●

છનાલાલ જોશીને ભણવાનું ખૂબ ગમતું. એકથી ચાર ધોરણ સુધી તેઓ ગામની પ્રાથમિક શાળામાં ભણ્યા. કાંસા ગામમાં તેમનું બાળપણ આનંદકિલ્લોલ અને ધીંગામસ્તીમાં વીત્યું હતું. કાંસા પછી તેઓ વિસનગરની જી.ડી. હાઈસ્કૂલમાં આઠ ધોરણ સુધી ભણ્યા હતા. નાનપણથી જ તેઓ ધાર્મિક વૃત્તિના હતા. જ્યારે જ્યારે મહેનત કરવાની આવે ત્યારે તેઓ તત્પરતાથી મહેનત કરતા. અન્યાયનો સામનો ન કરતા. એક વખત રાત્રે લૂંટારુઓએ તેમને લૂંટવાનો પ્રયત્ન કર્યો ત્યારે તેમણે બહાદુરીથી તેમનો સામનો કર્યો હતો. તેમનામાં નેતૃત્વ અને વેપારકૌશલ્યના ગુણો નાનપણથી જ હતા. પાંચમા ધોરણમાં હતા ત્યારે દસ રૂપિયાનું રોકાણ કરીને વેપાર કર્યો હતો. ઈલાયચી-કેરી-ગુલાબના શરબતની તેમણે નાનકડી દુકાન કરી હતી.

અભિનય પણ કરતા. જાહેર પ્રવૃત્તિનો પ્રારંભ તેમણે નાનપણથી કર્યો હતો. ૧૪ વર્ષ કાંસામાં રહ્યા પછી તેઓ અમદાવાદ આવ્યા. અમદાવાદમાં તેમણે ખૂબ મહેનત કરી. મૅટ્રિક થયા પછી એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં ભણવા બેઠા. પ્રતિષ્ઠિત અને વિદ્વાન પ્રોફેસરોના સાંનિધ્યમાં તેમનું જીવનઘડતર થયું. ૧૯૭૫માં તેમનું મંજુલા નામની યુવતી સાથે લગ્ન થયું. બંનેએ સાથે મળીને સુંદર જીવન જીવવાનો પ્રારંભ કર્યો અને સમાજ માટે પણ ઘણું કામ કર્યું.

છનાલાલ જોશીએ ખૂબ સમાજસેવા કરી. દુષ્કાળમાં ગુજરાતની હજારો ગાયોને બચાવવાની હતી ત્યારે તેમણે અઘરું લાગતું કાર્ય કર્યું હતું. હજારો ગાયોને અમદાવાદના અમરાઈવાડી-વટવા વિસ્તારમાં રાખી અને લાંબો સમય સુધી તેમને સાચવી. આ તેમના જીવનનું ઘણું મોટું કાર્ય હતું અને આજે પણ લોકો તેને યાદ કરે છે. તેમને તથા તેમના પરિવારને ગાયમાતાના આશીર્વાદ મળ્યા હતા.

અમદાવાદમાં તોફાનો થયાં ત્યારે તેઓ હિંમતથી બહાર આવ્યા હતા. જાનના જોખમે પણ તેમણે શાંતિ સ્થાપવાના પ્રયાસો કર્યા હતા.

તેઓ ઔડાના ચૅરમૅન બન્યા હતા. ઔડાના ચૅરમૅન તરીકે તેમણે કરેલી યશસ્વી કામગીરીને આજે પણ લોકો યાદ કરે છે. આધુનિક અમદાવાદના ઘડતરનો તેમણે પાયો નાખ્યો હતો. તેઓ દૂરદર્શી હતા. ચીમનભાઈ પટેલની સરકાર તકલીફમાં હતી ત્યારે તેમણે ચીમનભાઈને નર્મદાયોજનાની ઝુંબેશને બનાવવાનું મૌલિક સૂચન કર્યું હતું, એટલું જ નહીં તેમણે અમદાવાદમાં એક મોટી શોભાયાત્રાનું પણ આયોજન કર્યું હતું. આવા મૌલિક કાર્યક્રમો કરવામાં તેમની મહારથી હતી. એ યાત્રા ખૂબ સફળ થઈ હતી અને ચીમનભાઈ પટેલને જીવનદાન મળ્યું તો ગુજરાતની પ્રજાને નર્મદાયોજના પૂરી થશે તેવો સધિયારો મળ્યો.

તેમનું જીવન એટલે પ્રજા માટે સેવા કરવાનું જીવન. તેઓ ગાંધીમૂલ્યોના આગ્રહી હતા. ઉચ્ચ કક્ષાના લેખક પણ હતા. ખૂબ વાંચતા અને ખૂબ લખતા. પોતાના સંતાનોનું તેમણે યોગ્ય રીતે ઘડતર કર્યું હતું. અનેક સામાજિક પ્રવૃતિઓ તેમણે કરી હતી. આજે પણ લોકો તેમને, તેમની માનવતાવાદી પ્રવૃત્તિઓ માટે આદરભેર યાદ કરે છે. તેમની સ્મૃતિમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને એક માર્ગને તેમનું નામ આપ્યું છે.

તેમનું નિધન ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૧ના રોજ અમદાવાદમાં થયું હતું.

તેમના દીકરા તેજશ જોશી ગુજરાતના પ્રતિષ્ઠિત બિલ્ડર છે. ક્રેડાઈ સંસ્થાના પ્રમુખ છે. તેમણે પિતાનો વિચાર અને સંસ્કાર વારસો સાચવ્યો છે અને તેઓ અનેકવિધ સામાજિક પ્રવૃતિઓ તેઓ કરી રહ્યા છે. તેમનો સંપર્ક નંબર ૯૮૨૫૦ ૧૧૧૯ છે

ખુદના દુ:ખ ના કહેવા રે... હસતા મુખે તે સહેવા રે...

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

ખુદના દુ:ખ ના કહેવા રે...
હસતા મુખે તે સહેવા રે...
આંસુ સારીને કરશો શું ?
સ્મિત સદા વહેંચવા રે...

આપણે સૌ જાણીએ છીએ કે સમય ભલે ગમે તેટલો બદલાઈ ચૂક્યો હોય, આપણે ગમે તેટલી સિદ્ધિઓ હાંસલ કરી ચૂક્યા છે. હોઈએ પણ દરેકે દરેક વ્યક્તિ ઉંમરના કોઈ ને કોઈ પડાવે એક ભયંકર યુદ્ધનો સામનો કરી જ રહી હોય છે. દરેકને પોતપોતાના પ્રશ્નો મૂંઝવતા જ હોય છે. તકલીફોના પ્રકાર અને સ્વરુપ ચોક્કસ બદલાયું હશે પણ સમસ્યાઓ અવિરતપણે આવ્યા જ કરે છે. અને આ જ જીવનનો ક્રમ છે. સોશિયલ મીડિયાની મદદથી એકબીજાના સંપર્કમાં અવાયું છે, વિચારોની ઝડપી આપ-લે સરળ બની છે એ બાબત આપણે સૌએ અનુભવી છે. આ જ માધ્યમના અતિરેકના ગેરફાયદાઓ પણ આપણે હવે સમજતા થઈ જ ગયા છીએ. પણ આજે મારે ફેસબુક કે વોટ્સઅપના ફાયદા, ગેરફાયદા વિશે વાત નથી કરવી. આજે વાત કરવી છે વહેંચણીની. સોશિયલ મીડિયાના માધ્યમથી આપણે શું વહેંચી રહ્યા છીએ ? શેના વાહક બન્યા છીએ ? કોઈ સુંદર પંક્તિ, કોઈ સારું ગીત કે કોઈ સરસ ચિત્ર જે આપણી પાસે આવ્યું, આપણી આંખોને ગમ્યું એ તરત જ આપણે ફોરવર્ડ કર્યું. હવે પ્રશ્ન એ છે કે શું ગમતી અને સારી બાબતો જ આપણા દ્વારા પ્રસરે છે ? 'ગમતું મળે તો અલ્યાં ગૂંજે ન ભરીએ; ને ગમતાંનો કરીએ ગુલાલ' એ ન્યાયે ગમતાનો ગુલાલ કરવો સાહજિક છે પણ શા માટે ન ગમતી અને નેગેટીવીટી પ્રસરાવે એવી બાબતોને ફેલાવવી ?

ફેસબુક કે વોટ્સએપ પર જ્યારે કોઈ ડિસ્ટર્બ કરી મૂકે એવી ઘટના આપણે જોઈએ છીએ ત્યારે એને આગળ ફોરવર્ડ કરવાને બદલે ત્યાંથી જ અટકાવી ન શકાય? કાશ્મીરમાં જે કંઈ પણ બની રહ્યું છે એના ફોરવર્ડેડ વીડિયો મોકલવાથી આપણે આપણા જાગૃત નાગરીક હોવાની ફરજ નિભાવી રહ્યા હોઈએ તેવો અહેસાસ કરીએ છીએ પરંતુ, ખરેખર દેશમાં ફલાઈ રહેલી અરાજકતાના જાણે-અજાણ્યે વાહક બની જઈએ છીએ. ક્યાંક કોઈ દુર્ઘટના, અણછાજતું વર્તન કે અભદ્ર વ્યવહાર થયો હોય તેનો વીડિયો આપણે ક્યા કારણસર ફોરવર્ડ કરીએ છીએ એ પ્રશ્ન આપણી જાતને જ પૂછવો રહ્યો ? મદદ કે સહાય માટેના અપીલ કરતા વીડિયો પણ ખરાઈ કર્યા સિવાય શી રીતે ફેલાવી શકાય ? કોઈ વ્યક્તિ suicide કરી રહ્યું હોય, ટ્રેનની નીચે કપાઈને કે છત પરથી પડતું મૂકીને મરી રહી હોય તો એવા વિચલીત કરી દેનારા વીડિયો જરૂર્ર્ી કરવા એ યોગ્ય બાબત ગણાય?

'એક અફવા છે ભયંકર શહેરમાં,
અશ્રુઓ સારે છે પથ્થર શહેરમાં.'

અફવાઓને વેગ આપવાથી શું ફાયદો ? આ પંક્તિ વાંચીને થતો વિષાદ વધુ યોગ્ય છે કે આત્મવિશ્વાસમાં વૃદ્ધિ

કરતી આ પંક્તિ?

'ભરબપોરે તું કદી માપી જો તારો છાંયડો,
કેટલું ઊંચું છે તારું કદ ખબર પડશે તને.'

આપણે સૌએ હંમેશા અનુભવ્યું છે કે તકલીફ કે સમસ્યા ગમે તેટલી આકરી હોય તેનો અંત નિશ્ચિતપણે આવે જ છે. તો મનની નબળી અવસ્થા દરમિયાન જો કોઈના Confidance level ને boost up કરી શકાય તો એ કરવું આપણી સૌની સહિયારી નૈતિક ફરજ ગણાય. જો મનની એ નબળી અવસ્થા દરમિયાન તમને માત્ર એકાદ પણ વધુ હતાશ કરી દેનારા ઓડિયો કે વીડિયો કે પંક્તિ કંઈ પણ જોવા મળે તો ક્યારેક એના જીવલેણ પરિણામો આવી જતા હોય છે. કોઈ પણ વ્યક્તિ ક્યારેય કમજોર કે લાચાર હોઈ જ ન શકે પરંતુ કેટલીક ક્ષણ એવી હોઈ શકે અને એ ક્ષણમાં માનસિક સંતુલન તથા મનની સ્થિરતા જાળવવી ખૂબ આવશ્યક છે. વિશ્વમાં પ્રસરી રહેલી નકારાત્મક ઉર્જાના વાહક કોઈ પણ પ્રકારે આપણે તો ન જ બનીએ એ ચીવટ રાખવી જરૂરી છે. પ્રોફાઈલ પિક્ચરમાં કે ફેસબુક પર જે રીતે શોધીને આપણે આપણો સૌથી સુંદર ફોટો મુકીએ છીએ તે જ રીતે મોબાઈલમાં આપણા દ્વારા વોટ્સઅપ કે ફેસબુક પર કશું Nagetive spread ન થાય એની કાળજી રાખવાની પ્રતિજ્ઞા લઈએ. આપણે ફેસબુક કે વોટ્સઅપ પોસ્ટ જોઈને કોઈના ચહેરા પર સ્મિત આવે, હિંમત આવે એવો જ પ્રયાસ કરીએ. જો કે એનો અર્થ એ નથી કે મનના નબળા ભાવોને કે હતાશાને સાવ છુપાવી રાખીએ કે દબાવી દઈએ પણ આ નબળી બાબતો સાવ અંગત એવી એકાદ-બે વ્યક્તિને કરીએ તે વધુ યોગ્ય ગણાય. એનો ફેલાવો કરીને આપણે આપણી સમસ્યાને વધુ ગૂંચવાડાભરી બનાવી બેસીએ છીએ.

ચોરી, માર-ધાડ, લૂંટફાટ, છેતરપીંડી, ગુનાહિત પ્રવૃત્તિ આ તમામ બાબતો વોટ્સએપ કે ફેસબુક પર કોઈ પણ જાતની ખરાઈ કે ચોકસાઈ કર્યા વિના મૂકવી એ એક ગુનાહિત પ્રવૃત્તિ ગણાય. આ પ્રકારના વીડિયો કે ઓડિયોની તમારા માનસ પર હંમેશા ખરાબ અસર ન થાય પણ જો લાખોમાં કોઈ એકને પણ આ પ્રકારની ઘટનાની ગંભીર અસર થાય તો આપણે તેને થયેલા નુકશાનની ભરપાઈ કદાચ ક્યારેય ન કરી શકીએ ! કોઈ પણ બાબત માત્ર ૪૦-૫૦ સેકન્ડના વીડિયો જેટલી સીમિત ન હોઈ શકે અને માટે જ તેની યોગ્ય ચકાસણી કરવી ખૂબ આવશ્યક બાબત ગણાય. કોઈ પણ વ્યક્તિ હતાશ કે નિરાશ જણાય તો તેને રૂબરૂ મળીને બનતી સહાય કરવાનો પ્રયાસ કરીએ તો તે વધુ હિતાવહ રહેશે, આ ઉપરાંત તે વ્યક્તિના પરિવારના સભ્યોને પણ તેની આ પરિસ્થિતિ અંગેની જાણ કરીએ એ જરૂરી બાબત ગણાશે. આ ઉપરાંત વ્યક્તિને તેના આત્મબળથી જાગૃત કરાવીને તેનામાં આત્મવિશ્વાસ પણ પુનઃ પ્રગટાવી શકાય. તો આવો, સૌ સાથે મળીને વોટ્સઅપ અને ફેસબુકમાં વાઈરલ થતી કોઈ પણ પ્રકારની નેગેટીવીટીથી સમાજને મુક્ત કરાવીએ.

- nehalgadhavi101@gmail.com

બાળ અપરાધોનું વધતું પ્રમાણ : જુવેનાઈલ જસ્ટીસ એકટ, ૨૦૧૫માં સુધારાને અવકાશ

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

ભારતમાં સૌથી વધુ ચિંતાજનક કેસોનો વધારો બાળકો સામેનાં છે. જુવેનાઈલ જસ્ટીસ એકટ, ૨૦૧૫માં સુધારો કર્યો પછી જુવેનાઈલ એટલે કે બાળ અપરાધની ઉંમર પહેલા ૧૬ વર્ષે પુરા ના થયા હોય તેને ગણવામાં આવતી, પછી ૧૬ના ૧૮ વર્ષે પુરા ના થયા હોય તે ગણવામાં આવતી. બાળ ગુનેગારો પ્રત્યે રાખવામાં આવતી ઉદારતા તેમને ગુનો કરવા માટે પ્રોત્સાહિત કરતી હોય એમ જણાઈ આવે છે. રેપ, ખૂન, લૂંટ જેવા ભયંકર ગુનાઓ આચરતા આ બાળ ગુનેગારો આચકાતા નથી. ત્રીપલ કે મલ્ટીપર્પેઝ મર્ડર સુધી આ ગુનાઓનો વ્યાપ વધતો જ જાય છે. ૨૦૨૨માં પણ સુપ્રિમ કોર્ટે જણાવ્યું છે કે, બાળ અપરાધીઓ સામે દાખવવામાં આવતી ખોટી સહાનુભૂતિથી બાળ અપરાધીઓની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે અને તેનાથી સમાજમાં ખોટા સંકેતો જાય છે. ૨૦૧૨માં નિર્ભયાનાં કેસમાં બાળ ગુનેગારની ઉંમર ૧૭ વર્ષ ૬ માસની હતી. ૧૮ વર્ષથી નીચેની ઉંમરનાં બાળકો સાયબર ક્રાઈમમાં સૌથી વધારે નોંધાયા છે. બિભત્સ ફોટા, વિડિયો અપલોડ કરવામાં બાળમાનસ સૌથી ખતરનાક ગુનાઓ કરતા થયા છે.

ગુનેગારોનાં નોંધાતા કેસોમાં ૭૫% કેસો જુવેનાઈલ કોર્ટનાં હોય છે. દુષ્કર્મનાં જઘન્ય અપરાધો કરતા પણ આ બાળગુનેગારો અચકાતા નથી. દુષ્કર્મ કરી હત્યા કરતા પણ અચકાતા નથી. સમાજમાં સૌથી વધારે ગુનેગારો જુવેનાઈલ કોર્ટના છે. બાળ સુધારા ગૃહોની બદતર હાલત તેમને સુધારો કરવાની જગ્યાએ ઉલટાનાં રીઢા ગુનેગાર બનાવે છે.

જુવેનાઈલ જસ્ટીસ એકટમાં બાળકે ૧૮ વર્ષે પૂર્ણ ના કર્યો હોય તેનો સમાવેશ કરવામાં આવે છે, પરંતુ ૧૬ વર્ષથી નીચેના બાળકો પણ દુષ્કર્મે આચરી શકે છે. તે નિર્ભયાના તથા કઠુઆ ગામનાં સામૂહિક દુષ્કર્મે નો ભોગ બનનાર આઠ જ વર્ષની માસૂમ બાળકીનાં કિસ્સામાં સ્પષ્ટ થયેલ છે.

પહેલા એવું વિચારવામાં આવતુ કે, ગંભિરમાં ગંભિર પ્રકારનો કેસ કેમના હોય, પરંતુ જો તેમાં બાળ ગુનેગારની સંડોવણી થયેલ હોય તો આવા કેસોમાં સહાનુભૂતિ પૂર્વક જસ્ટીસ કરવો જોઈએ. જુવેનાઈલ જસ્ટીસ એકટની આદર્શ પધ્ધતિમાં હવે બાળ ગુનેગારોનાં આંકડા જોતા ફરી વિચારણાનો સમય પાકી ગયો છે. બાળ ગુનેગારો સારી રીતે સમજે છે કે, આપણે ગુનો ગંભીર પ્રકારનાં ગુનામાં સમાવેશ ના થયેલ હોય માત્ર ખાસ સુધારણાગૃહમાં જ સજા કાપવી પડશે. ગંભીર કારાવાસમાંથી મુક્તિ આપવામાં આવશે. તેથી પણ જઘન્ય અપરાધ કરવામાં લૂંટ, ખૂન કરવામાં અચકાતા નથી. હવેથી આવા ગંભીર પ્રકારનાં ગુનાઓ બાળ અદાલતની જગ્યાએ સેસન્સ કોર્ટમાં ચલાવવાની માંગ ઉઠવા પામી છે. માત્ર ત્રણ વર્ષથી ઓછી સજાનાં કેસોને જુવેનાઈલ કોર્ટમાં ચાલવા જોઈએ. કાયદામાં સુધારાનો સમય હવે પાકી ગયો છે. હવે મોબાઈલ ઈન્ટરનેટનાં યુગમાં બાળકની પુખ્તતાની વય ૮ થી ૧૨ વર્ષની ગણવી જોઈએ.

ભારતમાં સૌથી વધારે બાળ ગુનેગારો મેટ્રોસિટીમાં મળી આવ્યા છે. દિલ્હી, મુંબઈ, કેરલ, બેંગ્લોર, અમદાવાદ બાળ ગુનેગારોનું ક્રાઈમ હબ બનતું જાય છે. ટ્રેનમાં ચોરી, લૂંટનાં કેસોમાં સૌથી વધારે બાળ ગુનેગારો પકડાય છે. આની પાછળ એક સક્રીય ગેંગનો સપોર્ટ હોય છે. જે ક્યારેય પકડાતા નથી. આખું ઓર્ગેનાઈઝ ક્રાઈમ કરવા બાળકોને પ્રેરિત કરવામાં આવે છે અને તેમને પકડાયા પછી છોડવામાં આવી ગેંગ સક્રીય ભૂમિકા ભજવે છે. માત્ર એક જ ગુનો આચર્યો હોય તેના માટે જુવેનાઈલ કોર્ટમાં ન્યાય થવો યોગ્ય છે, પરંતુ ગુનાઓની હારમાળા સર્જાઈ હોય તેવા રીઢા બાળ ગુનેગારો અન્ય બાળ ગુનેગારો માટે ગુનાની પાઠશાળા પૂરવાર થાય છે. તેમના કેસો સેશન્સ કોર્ટમાં ન ચાલવા જોઈએ. તેવી માંગ ઉઠવા પામી છે.

બાળ ગુનેગારોનું માનસ બદલી તેમને સમાજમાં સમાવેશ કરી શકે તેવી સંસ્થાઓનો અભાવ પણ છે તથા મનોચિકિત્સકોનો પણ ભારતમાં અભાવ જોવા મળે છે. વિદેશમાં આવા બાળ ગુનેગારોને સુધારવા માટે એક આખી ટીમ હોય છે. સરકારનો પણ પૂરતો સહયોગ મળે છે.

રીઢા આરોપીઓ સાથે કુમળીવયનાં ભૂલમાં કરેલ ગુનાની સજા ભોગવતા બાળકો ક્યારે ખરાબ સોબતનો ભોગ બની ડ્રગ્સનાં બંધાણી બની જાય છે. તેની ખબર પણ જુવેનાઈલ કોર્ટમાં તથા સુધારા ગૃહોમાં પડતી નથી હોતી. સમાજ અને કુંટુંબની ભૂમિકા બાળ ગુનેગારોને સુધારવા માટે મહત્વની છે. બાળ ગુનેગારોને સામાન્ય પ્રવાહમાં ભેળવવા માટે શાળા, કોલેજમાંથી પ્રવાસો કરવા જોઈએ. સામાન્ય બાળકોનાં વાલિઓ સજા પામેલ બાળ ગુનેગારો સાથે પોતાના બાળકોને ભળવા નથી દેતા તેથી પણ બાળમાનસમાં અપરાધ ઘર કરી જાય છે અને આવા બાળકો વારંવાર ગુનો કરવા પ્રેરાય છે. પરિવારનો પણ આમાં મહત્વની ભૂમિકા રહેલ છે. બાળમાનસ પર એકની એક ખોટી વાતો વારંવાર ઠોકી બેસાડવાથી તથા પારિવારિક ક્રાઈમ રોજ જોતા બાળકો પણ ગંભિર ગુનામાં ક્યારે સંડોવાય છે તે પોતે જાણતા નથી. શિક્ષણનો અભાવ આમા મુખ્યત્વે ભાગ ભજવે છે. ભારતીય ફોજદારી ધારામાં એવું અનુમાન છે કે, સાત વર્ષનું બાળક ગુનો કરવા માટે અસમર્થ છે. નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઓફ ચાઈલ્ડ રાઈટસ આવા પ્રકારનાં બાળ ગુનેગારો માટે મહત્વનું યોગદાન આપે છે. વિશ્વમાં સૌથી વધારે બાળ ગુનાખોરી રશિયામાં છે. બાળ ગુનેગારો માતા-પિતાનાં નિયંત્રણની બહાર હોય છે. જે બાળકો માતા-પિતાનાં અંકુશમાં નથી, તેવા લોકો જ બાળ ગુનેગારીમાં ઝંપલાવતા હોય છે. તેવું તારણ સામાન્ય છે. બાળકનું કાયદા સાથે સંઘર્ષમાં આવવું એટલે કાયદાનો ભંગ કે ઉલ્લંઘન ભારતીય ફોજદારી ધારો તથા જુવેનાઈલ જસ્ટીસ એકટમાં સુધારો કરી નવા બાળ ગુનેગારો થતાં અટકાવવા જોઈએ તથા ગંભીર પ્રકારનાં બાળ ગુનાની સજા જુવેનાઈલ જસ્ટીસથી નહી, પરંતુ સેશન્સ કોર્ટથી થવા પ્રબળ માંગ ઉઠી છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in